શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી. એન. કોમર્સ કોલેજ, વિસનગર

વર્ગ-3 જૂનિયર ક્લાર્ક પ્રાથમિક લેખિત પરીક્ષા તબક્કો: ૦૧ (૧૦૦) ગુણ

તા: 11/08/2024 સમય: 12 થી 01

રોલ નંબર: _______ પેપર કોડ: D

**Reasoning (40), Quantative Aptitude (30), Gujarati (15), English (15)**

ઉમેદવારોને માટેની અગત્યની સૂચના:

(01) પ્રશ્નપુસ્તિકામાં કુલ ૧૦૦ હેતુલક્ષી પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ૧ ગુણ છે.

(02) પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો છે.

(03) 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા ખંડ નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.

(04) આ પાના ઉપર આપનો રોલ નંબર અને પેપર કોડ ફરજિયાત લખવાનો રહેસે

(05) પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

(06) પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રીક ઉપકરણો, મોબાઈલનો ઉપયોગ કરવો નહી અને પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહી.

(07) ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લૂ બોલ પેનનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈપણ પ્રકારની પેન અને પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહી.

(08) ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ પદ્ધતિ લાગુ પડશે.

(09) દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ E "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.

(10) પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે.

(11) પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કઈ પણ રફવર્ક કરવું નહિ. પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઇ છે.

(૧૨) આ જવાબવહી વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી.


(13) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સાથે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

********************************************************

1) એક વ્યક્તિએ 25% છૂટ સાથે બાઇક ખરીદી. બાઇકની મૂળ કિંમત 24000 રૂપિયા છે, તો ખરીદ કિંમત કેટલી છે?

a) 16000 b) 18000 c) 20000 d) 22000

2) આપેલ આકૃતિમાં ત્રિકોણની સંખ્યા શોધો?



a) 5 b) 6 c) 10 d) 8

3) બે સંખ્યાઓનો સરવાળો ૯૦૦ થાય છે અને તેમનો વિભાજક ૦૬ છે. તો આ સંખ્યાઓ કઈ હશે?

a) ૩૦૦ અને ૬૦૦ b) ૪૫૦ અને ૪૫૦ c) ૫૦૦ અને ૪૦૦ d) ૩૬૦ અને ૫૪૦

4) સંખ્યા ૧૫ નું સ્ક્વેર મૂલ્ય કેટલું થાય?

a) 200 b) 225 c) 250 d) 275

5) ૧૦ ના ગુણાકાર માટેનો શ્રેણી નંબર ૦૭ કઈ સંખ્યા માટે છે?

a) 60 b) 70 c) 80 d) 90

6) જો $3x - 5 = 7$, તો x નું મૂલ્ય કેટલું થશે?

a) 2 b) 4 c) 5 d) 6

7) ૨૨૫ ના ૨/૩નો ૫૦% ભાગ કેટલો થશે?

a) ૫૦ b) ૭૫ c) ૧૦૦ d) ૧૫૦

8) જો x + 3 = 2x - 4, તો x નું મૂલ્ય કેટલું થશે?

a) 1 b) 4 c) 5 d) 7

9) એક તિજોરીની સ્ટોરમાં 5 % કાપ સાથે 40,000 રૂપિયાની કિંમત છે. તો વાસ્તવિક કિંમત કેટલી હશે?

a) 42,000 b) 40,000 c) 38,000 d) 36,000

10) જો a = 3b અને b = 2c, તો a/c નું મૂલ્ય કેટલું હશે?

a) 5 b) 4 c) 6 d) 7

11) 6000 ના 1/5 નો 3 ગુણાંક કેટલો છે?

a) 1200 b) 2000 c) 3600 d) 4000

12) બે સંખ્યાઓનો સરવાળો 500 છે અને તેમનો ગુણાકાર 62400 છે. આ સંખ્યાઓ શું છે?

a) 200 અને 300 b) 100 અને 400 c) 150 અને 350 d) 240 અને 260

13) એક પુરુષ ૧૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડે તો ૯.૩૦ કલાકમાં કેટલું અંતર કાપે?

a) ૧૫૦.૫ કિ.મી. b) ૧૪૪.૫ કિ.મી. c) ૧૪૨.૫ કિ.મી. d) ૧૪૩.૫ કિ.મી.

14) એક ઘનની સપાટીનો વિસ્તાર 600 ચોરસ સેમી છે. તેનો વિકર્ણ (Diagonal) કેટલો હોય?

a) 10√3 સેમી b) 10√2 સેમી c) 20√3 સેમી d) 20√2 સેમી

15) એક લાકડાનો ટૂકડો ૦૯ મીટર લાંબો છે. તેને ૦૪ સમાન ભાગમાં કાપવામાં આવે તો દરેક ભાગની લંબાઈ કેટલી હશે?

a) ૨.૦૦ મીટર b) ૨.૨૫ મીટર c) ૨.૧૫ મીટર d) ૨.૫૦ મીટર

16) એક વર્તુળનો વ્યાસ 14 સેમી છે. તેનો પરિઘ (circumference) કેટલો હશે? (π = 22/7 માનો)

a) 44 સેમી b) 28 સેમી c) 56 સેમી d) 88 સેમી

17) 12 અને 18નો સૌથી મોટો લઘુત્તમ સાધારણ અવયવ (LCM) કયો છે?

a) 36 b) 48 c) 54 d) 72

18) મનુ અને કનુની ઉંમરનો ગુણોત્તર 4:2 છે. જો તેમની ઉંમરનો સરવાળો 6 વર્ષ હોય, તો 8 વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર શોધો.

a) 8:6 b) 6:5 c) 6:4 d) 7:5

19) ભારતનો પ્રથમ પ્રજાસત્તાક દિવસ 26 જાન્યુઆરી, 1950 ના રોજ ઉજવવામાં આવ્યો હતો. તે અઠવાડિયાનો કયો વાર હતો?

a) બુધવાર b) શુક્રવાર c) ગુરુવાર d) મંગળવાર

20) 1, 2, 22, 23, ……, 263 નો સરેરાશ નીચેનામાંથી કઈ સંખ્યા વચ્ચે આવેલો છે?

a) 257 and 258 b) 259 and 258 c) 257 and 256d) 256 and 255

21) નીચેની શ્રેણીના પ્રથમ 50 પદોનો સરવાળો શોધો.

12+14−18−12−14+18+12+14−18−12−14+18……

a) ½ b) 3/8 c) 5/8 d) 3/4

22) 10 છોકરીઓના જૂથમાં 5ની સરેરાશ ઊંચાઈ 5.2 ફૂટ છે. બાકીની 5 છોકરીઓની સરેરાશ ઊંચાઈ 1.7 મીટર છે. ફૂટમાં જૂથની સરેરાશ ઊંચાઈ શોધો. (1 મીટર = 3.281 ફૂટ).

a) 5.3 b) 5.4 c) 5.1 d) 5.2

23) 5 લોકોની ઉંમર 2:3:4:10:11 ના પ્રમાણમાં છે. જો તેમની સરેરાશ ઉંમર 18 છે, તો તેમાંથી સૌથી મોટાની સરેરાશ ઉંમર શોધો.

a) 22 b) 11 c) 44 d) 33

24) 44521 નું વર્ગમૂળ શોધો.

a) 221 b) 219 c) 211 d) 229

25) 5358*54 ની કિંમત શોધો.

a) 283932 b) 298332 c) 289322 d) 289332

26) FANT શબ્દનું નીચેનામાંથી કયું જળ પ્રતિબિંબ છે?

a) F∀ И⊥ b) Ⅎ ∀ И⊥ c) Ⅎ∀ И⊥ d) Ⅎ A И⊥

27) sky, foot, plate, letter ..............?

a) monsoon b) rat c) oh d) store

28) મેષ, વૃષભ, મિથુન, કર્ક ............

a) ધન b) તુલા c) સિંહ d) કન્યા

29) નીચેનામાંથી અલગ શબ્દ શોધો.

a) દાદા b) પૌત્ર c) નણંદ d) ભત્રીજો

30) કઈ જોડ બંધ બેસતી નથી? .....

a) ભીસ્તી – મસક b) પિંજારો – કપાસ c) પગી - પાણિ d) કુંભકાર – ઘટ

31. રાષ્ટ્રપતિ: ભારત, તો રાણી: ...........

a) ફ્રાન્સ b) બર્મા c) ઈંગલેન્ડ d) ચીન

32. આપેલ શ્રેણી પૂર્ણ કરો; ૧૦, ૧૦૦,૨૦૦,૩૧૦, ..........?

a) ૪૧૦ b) ૪૨૦ c) ૪૦૦ d) ૪૩૦

33. અન્યોક્તિ: અલંકાર તો સવૈયા: ..........

a) કહેવત b) છન્દ c) સવાયું d) ઉખાણું

34. નીચેના પૈકી કયું એક જોડું બીજાથી જુદું પડે છે? ........

a) ૧૫, ૦૯ b) ૧૫,૦૪ c) ૪૫,૨૭ d) ૩૦,૧૮

35. આપેલ શ્રેણી પૂર્ણ કરો: ૨, ૫, ૯, ૧૯, ૩૭, ........?

a) ૭૩ b) ૭૫ d) ૭૬ c) ૭૮

36. નીચેનામાંથી કઈ જોડી અલગ છે? ...........

a) નફો- ફાયદો b) સદ્ગુણ-દુર્ગુણ c) શાણો-મૂરખ d) કૃતજ્ઞ-કૃતઘ્ન

37. નીચેનામાંથી કયો શબ્દ જુદો પડે છે? .........

a) શરદ b) શિશિર c) વસન્ત d) નિદાઘ

38. નીચેનામાંથી કયો શબ્દ બંધબેસતો નથી? ...........

a) દાંડી b) સાબરમતી c) કોચરબ d) વર્ધા

39. જો આદિત્ય : ભાસ્કર તો યામિની : ..........

a) તરંગિણી b) ભામિની c) સમ્પત્તિ d) શર્વરી

40. કયો શબ્દ અલગ છે?

a) આયોડિન b) લોહતત્વ c) પ્રોટિન d) ચરબી

41. જો MUMBAI ને OWODCK શબ્દથી ડીકોડ કરવામાં આવે તો, AHMEDABAD ને કયા શબ્દથી ડીકોડ કરવું જોઈએ......

a) CJOGFCDCF b) COGFDCFOG c) BINFEBCBE d) BJMDBDAAD

42. જો કોઈ ચોક્ક્સ સાંકેતિક ભાષામાં 35796 ને 44887 લખવામાં આવે તો તે જ સાંકેતિક ભાષામાં 56565 ને કેવી રીતે લખવામાં આવશે........

a) 65656 b) 45454 c) 65684 d) 67676

43. કાવ્યા તેના ઘરેથી 05 કિમી ઉત્તરમાં ચાલે છે. તે પોતાની ડાબી બાજુ વળી 04 કિમી ચાલે છે. ત્યારબાદ 05 કિમી દક્ષિણમાં ચાલે છે. તો હવે તેનું ઘર કેટલું દૂર હશે. ......

a) 4 કિમી b) 3 કિમી c) ૫ કિમી d) 0 કિમી

44. તમે ધ્રુવનો તારો જોતા હશો, ત્યારે તમારી કઈ બાજુ સૂર્યાસ્ત થયો હશે? .....

a) ડાબી b) જમણી c) આગળ d) પાછળ

45. કનુ તેના ઘરેથી સ્કૂલ જવા સાયકલ ઉપર પૂર્વદિશામાં ૦૩ કિમી જાય છે. ત્યાંથી ડાબી બાજુ ૦૨ કિમી જાય છે. વળી, ત્યાંથી જમણી બાજુ ૦૨ કિમી સાયકલ ચલાવે છે. ત્યારપછી જમણી બાજુ ૦૩ કિમી અને છેવટે ડાબી બાજુ વળી ૦૪ કિમી સાયકલ ચલાવ્યા પછી શાળાએ પહોંચે છે. કનુનો ભાઈ નવીન સ્કૂટર લઈને ઉત્તર દિશામાં ૦૨ કિમી પછી ડાબી બાજુ ૦૩ કિમી અને ત્યાંથી જમણી બાજુ ૦૪ કિમી સ્કૂટર ચલાવી કૉલેજ પહોંચે છે. તો કનુની શાળા અને નવીનની કૉલેજ વચ્ચે કેટલું અંતર હશે?....

a) ૧૦ કિમી b) ૦૯ કિમી c) ૦૮ કિમી d) ૦૭ કિમી

46. તમે પૂર્વ તરફ મુખ રાખીને ઉભેલા છો. તમે ૧૦૫ અંશ ઘડિયાળની દિશામાં અને ૧૫૦ અંશ ઘડિયાળની વિરુદ્ધ દિશામાં દૂર છો. તો તમારું મુખ છેવટે કઈ દિશાઓ વચ્ચે હશે? ........

a) દક્ષિણ-પૂર્વ b) પશ્ચિમ -પૂર્વ c) ઉત્તર - પૂર્વ d) પશ્ચિમ – દક્ષિણ

47. સૂર્યાસ્ત સમયે મગન અને છગન એકબીજા સામે મુખ રાખીને ઊભા છે. મગન જુએ છે કે છગનનો પડછાયો તેની ડાબી બાજુએ પડે છે. તો મગનનું મુખ ખરેખર કઈ દિશામાં હશે? ....

a) પૂર્વ b) પશ્ચિમ c) ઉત્તર d) દક્ષિણ

48. ઉષા મેદાનના પ્રસ્થાન સ્થાને હતી. તે પૂર્વ દિશામાં ૦૫ કિમી એકીશ્વાસે દોડી. પછી તે ડાબી બાજુએ રેલટ્રેક ઉપર બીજું ૦૪ કિમી દોડી. તે થાકીને ઉભી રહી. હવે તે પ્રસ્થાન સ્થાને પહોંચશે ત્યારે કુલ કેટલા કિમી દોડી હશે. ......

a) ૦૯ કિમી b) ૧૮ કિમી c) ૧૩ કિમી d) ૧૪ કિમી

49. ગરુડ યમની દિશામાં ૩૦ યોજન ઉડ્યો. પછી જમણી દિશામાં ૨૦ યોજન જઈ વૃક્ષ ઉપર બેઠો. ત્યારબાદ ડાબે વળ્યો અને ૩૦ યોજન ફરી ઉડ્યો. તો ગરુડ પોતાના ઉડવાના સ્થાનથી કઈ બાજુએ હશે......

a) ઉત્તર b) નૈઋત્ય c) વાયવ્ય d) ઇશાન

50. એક ફોટા તરફ ઈશારો કરીને નટુએ નિશાને કહ્યું, આની પૌત્રી નયના મારી ભત્રીજી છે. તો ફોટામાં રહેલ સ્ત્રી સાથે નટુને શો સમ્બન્ધ થશે? .....

a) બહેન b) દાદી c) સાસુ d) માતા

51. A એ B નો બનેવી છે. C એ A ના પુત્રની એકમાત્ર માસી થાય છે. તો C નો B સાથે શો સમ્બન્ધ થાય?.......

a) બહેન b) ભાણી c) સાળી d) ભાભી

52. A નાં બે બાળકો છે. B અને C. એમાં A એ B નો પિતા છે અને B, Cનો ભાઈ છે. પરંતુ C એ A નો પુત્ર નથી. તો A અને C વચ્ચે કયો સમ્બન્ધ છે?

a) મામા – ભાણી b) દાદા – પૌત્રી c) પિતા - પુત્રી d) કાકા - ભત્રીજી

53. એક ફોટો બતાવીને એક પુરુષે કહ્યું, 'મારે કોઈ ભાઈ – બહેન નથી. પરંતુ આ પુરુષના પિતા એ મારા પિતા છે. તો તે પુરુષ ખરેખર કોની તસવીર બતાવી રહ્યો હતો?.....

a) પોતાની તસવીર b) કાકાની તસવીર c) પુત્રની તસવીર d) પિતાની તસવીર

54. 3.00 વાગ્યાનું અરીસામાં પડતું પ્રતિબિંબ કયો સમય દર્શાવે છે?

a) ૯.00 b) 3.00 c) ૯.૦૫ d) ૬.00

55. તમારી કાંડા ઘડિયાળનું અડધું પરિભ્રમણ કેટલા ડિગ્રી થાય.......

a) ૧૮૦ b) ૩૬૦ c) ૧૯૦ d) ૧૬૦

56. ઘડિયાળમાં 5.18 કલાકથી 5.54 વાગ્યા સુધીમાં મિનિટકાંટો કેટલા અંશનું પરિભ્રમણ કરશે?

a) 324 b) 216 c) 108 d) 212

57. એક ઘડિયાળમાં 240 મિનિટ બાદ કલાકનો કાંટો કેટલા ડિગ્રી ફરી જશે.....

a) 120 b) 100 c) 110 d) 90

58. નીચેના શબ્દોને તેના મૂળાક્ષરો મુજબ ચડતા ક્રમમાં ગોઠવો.

1. કર્મભૂમિ 2. કર્તવ્ય 3. કર્પૂર 4. કર્ણિકાર 5. કર્કશ 6. કર્મઠ

a) 5,4,2,3,6,1 b) 5,6,2,1,4,3 c) 5,2,4,6,3,1 d) 6,5,1,2,4,3

59. નીચેના વિકલ્પો તાર્કિક-ક્રમમાં ગોઠવો.

1. જળચર ઉપદ્રવ 2. વર્ષાઋતુ 3. બચાવ-પ્રક્રિયા 4. વૃષ્ટિ 5. રેલસંકટ

6. અસરગ્રસ્તને આશ્રય

a) 2,4,5,1,3,6 b) 4,2,1,5,3,6 c) 2,4,1,6,3,5 d) 2,4,5,6,3,1

60. નીચેનાની ભારતીય પરંપરા મુજબ ગોઠવણી કરો.

1. ભાગવત પુરાણ 2. રામાયણ 3. વેદ 4. મહાભારત 5. ઉપનિષદ્ 6. ભગવદ્ ગીતા

a) 2,3,5,6,1,4 b) 3,5,2,4,6,1 c) 3,2,4,6,5,1 d) 1,3,2,4,5,6

61. કિંમતની દૃષ્ટિએ ઉલટો અર્થપૂર્ણ ક્રમ જણાવો.

1. સ્પેસશટલ 2. સાયકલ 3. સ્કૂટર 4. વિમાન 5. મોટરકાર

a) 2,3,5,4,1 b) 2,3,4,5,1 c) 2,5,3,1,4 d) 1,4,5,3,2

62. ઋતુચક્રને ચડતા ક્રમમાં ગોઠવો.

1. ગ્રીષ્મ 2. વસન્ત 3. વર્ષા 4. શિશિર 5. શરદ 6. હેમન્ત

a) 6,4,2,1,3,5 b) 6,4,1,2,5,3 c) 4,6,1,2,3,5 d) 6,4,3,5,2,1

63. પ્રાદુર્ભાવની દૃષ્ટિએ યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. પુસ્તક 2. શબ્દ 3. વર્ણ 4. વાક્ય 5. ગદ્યખંડ 6. પ્રકરણ

a) 3,2,4,1,5,6 b) 3,2,4,5,6,1 c) 3,4,2,6,5,1 d) 1,6,5,4,2,3

64. નીચેની નદીઓને દક્ષિણથી ઉત્તરના ક્રમમાં ગોઠવો.

1. તાપી 2. મહી 3. નર્મદા 4. પૂર્ણા 5. અંબિકા 6. દમણગંગા

a) 6,5,4,1,3,2 b) 5,6,4,3,1,2 c) 2,3,1,4,5,6 d) 5,6,3,4,2,1

65. કદના આધારે ક્રમમાં ગોઠવો.

1. મદનિયું 2. બોતડું 3. ખોલકું 4. ગલુડિયું 5. વછેરું 6. પતંગિયું

a) 1,2,5,3,4,6 b) 6,4,3,2,1,5 c) 6,5,2,4,3,1 d) 6,4,3,5,2,1

66. કાર્ય-પદ્ધતિની દૃષ્ટિએ ક્રમાનુસાર ગોઠવો.

1. ખર્ચ 2. ઓડિટ 3. ફાઈલ 4. ક્લીનચિટ 5. મંજૂરી 6. અરજી

a) 5,6,1,2,3,4 b) 6,3,5,1,2,4 c) 6,1,3,5,4,2 d) 3,6,1,2,3,4

67. ઘટના અનુસાર યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. નોકરી 2. એનરોલમેન્ટ 3. પ્રવેશપ્રક્રિયા 4. ડીગ્રી 5. પરીક્ષા

a) 5,4,3,2,1 b) 2,3,4,1,5 c) 3,2,5,4,1 d) 2,3,4,5,1

68. શ્રેણી પૂર્ણ કરો: 1, 2, 6, 24, 120, ...........?

a) 540 b) 720 c) 840 d) 920

69. કઈ જોડ અન્યથી જુદી છે? ...........

a) 15,09,03 b) 15,04,08 c) 30,27,18 d) 45,27,63

70. કયો શબ્દ સમૂહથી જુદો પડે છે?

a) વારિ b) અમ્બુ c) અરિ d) ઉદક

71. 'અધૂરો ઘડો છલકાય' – સમાન કહેવત શોધો.

a) ઢમ ઢોલ માંહે પોલ b) કરે તેવું પામે c) મોટા એટલા ખોટા d) હાજર સૌ હથિયાર

72. કોરોના શિકારી કૂતરું છે? – વાક્યમાં કયો અલંકાર છે?

a) ઉપમા b) ઉત્પ્રેક્ષા c) રૂપક d) દૃષ્ટાંત

73. સંજ્ઞાના અર્થમાં વધારો કરે તે......

a) સર્વનામ b) વિશેષણ C) વિશેષ્ય D) ક્રિયાપદ

74. શબ્દ કે વાક્યને જોડાનાર .........

a) ક્રિયાપદ b) વિશેષણ C) સર્વનામ D) સંયોજક

75. ભાવેપ્રયોગ વાળું વાક્ય .......

a) હનુમાન હસે છે. b) હનુમાનથી હસી પડાયું.

C) હનુમાન હસાવે છે. D) હનુમાન હસે છે?

76. કયો વર્ણ 'મહાપ્રાણ' છે?

a) ક b) ચ C) ભ D) ટ

77. ઙ, ઞ, ણ, ન, મ આ વર્ણોનું ઉચ્ચારસ્થાન ............

a) ઓષ્ટ b) કંઠ C) નાસિકા D) દંત

78. વિરુદ્ધાર્થી જોડકું.........

a) પીયૂષ – ગરલ b) સુધા – અમૃત C) મધુ – ઉદક D) વિષ – ગર

79. 'પો' એટલે ..........

a) સૂર્યોદય b) મધ્યાહ્ન C) પ્રભાત D) ગોરજસમો

80. સમાનાર્થી યુગ્મ ........

a) વાજી – તુરગ b) અધ્વન – અશ્વ C) અશ્વ- અવની D) વારણ – વાજી

81. સાચી જોડણી.......

a) શુદ્ધીકરણ b) શુદ્ધિકરણ C) સ્વચ્છિકરણ D) પવિત્રિકરણ

82. કર્મચારી સરકારને ............ હોય છે.

a) આધીન b) અધીન C) વિમુખ D) પ્રતિકૂળ

83. સાચું વાક્ય શોધો.......

a) રાજાનાં કપડા નાના મોટાં હતા. b) રાજાના કપડા નાનાં મોટા હતાં.

C) રાજાના કપડા નાનાં મોટાં હતાં.D) રાજાનાં કપડાં નાનાં મોટાં હતાં.

84. જરઠ એટલે ......

a) પેટ b) ઘરડું C) જન્મેલું D) મરેલું

85. સાચો વિકલ્પ શોધો.

a) મેધાવી, જરાસંધ, અશ્વમેધ, વાલ્મીકિ b) મેધાવિ, જરાસંધ, અશ્વમેધ, વાલ્મીકિ

C) મેધાવી, જરાસંધ, અશ્વમેધ, વાલ્મીકી D) મેધાવી, જરાસંધ, અશ્વમેધ, વાલ્મિકી

86. ............. ink in my pen is red.

a) The b) A c) An d) No Article Needed.

87. My mother ............ in a Bnak.

a) work b) works c) working d) worked

88. ..................... of the people use mobile nowadays.

a) Any b) All c) More d) Most

89. I am really worried .................the exam.

a) in b) of c) above d) about

90. While ....................he .......... Asleep.

a) works, fall b) working, fell c) woks, fell d) working, falling

91. Jay has proved that he can .................his promise by winning the football match.

a) carry though b) carry out c) carry d) carry off

92. I am ........you for your help.

a) grateful on b) obliged for c) glad by d) indebted to

93. write the correct sentence..........

a) Ram is more intelligent than all of his brother.

b) Ram is the most intelligent of all another brothers.

c) Ram is more intelligent than any of his brothers.

d) Ram is so intelligent as no other brother of his.

94. This topic is quite similar............

a) like you read last Sunday. b) that I read earlier.

c) to the one I read last Monday. d) than the other one.

95. I .............you the file in an hour.

a) will to sent b) will sent

c) will send d) will sending

96. When they reached the station the bus ........

a) had left b) leaves c) leave d) is leave

97. What is the passive voice of 'Hari shut the windows'?

a) The windows are shut by Hari. b) The windows had shut by Hari.

c) The windows were shut by Hari. d) The windows have been shut by Hari.

98. Mohan told me ......... he would ............

a) if, comes b) that, come c) why, come d) because, come

99. There is ............ juice in the jug.

a) a little b) Little c) an little d) only little

100. Give me one word for 'One who believes that everything is decided by fate.'

a) Fatalist. b) Intellectual. c) Common Man d) A Lover.

******